# 51

### ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત

***15/4/1369 : શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૩૩૬(અગ્રતા–૨૫)ના અનુસંધાને **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર, જૂના હેલીપેડ, સેક્ટર–૧૭ ખાતે આવેલ કન્વેન્શન હોલ(ડોમ) તા.૦૧/૦૯/૨૦૧૯ થી કે એન્ડ ડી કોમ્યુનીકિશન લીમીટિડને રોયલ્ટીથી આપેલ છે તેની પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧ (કોવિડ–૧૯) ના સમયગાળાની બાકી રોયલ્ટીની રકમ રૂ.૧૩,૦૮,૧૬,૧૧૦/– ભરવામાંથી મુક્તિ આપવા એજન્સીએ માંગણી કરેલ જે બાબત વિચારણા હેઠળ હતી અને તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીની બાકીની રોયલ્ટીની રકમ રૂ.૬,૩૩,૪૫,૦૦૦/– ભરવા માટે એજન્સીને પત્રવ્યવહાર/નોટીસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી રકમ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વસુલવામાં આવી, | (૧) કોવિડ-૧૯ ના લોકડાઉનના સમયગાળા (૧૮/૦૩/૨૦૨૦ થી ૩૦/૧૧/૨૦૨૧) ની રોયલ્ટીની રકમ લેવાની જગ્યાએ તેટલા જ સમયગાળા માટે કરાર લંબાવી આપવામાં આવેલ છે. જ્યારે તા. ૩૦/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળાની રોયલ્ટીની રકમ રૂ. ૬,૩૩,૪૫,૦૦૦/– ગરૂડ કંપનીને એજન્સી પાસેથી પુરેપુરી મળી ગયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સીને કયા પ્રકારની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી, અને | (૨) કોવિડ–૧૯ ના લોકડાઉનના સમયગાળા જેટલા સમયગાળા માટે એજન્સીને કરાર લંબાવી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સી પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, બાકી રકમ વસુલવા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એજન્સી પાસેથી વસુલવાની બાકી રહેતી કુલ રકમ રૂ. ૪,૧૩,૮૧,૮૮૯/– (માર્ચ–૨૦૨૪ સુધીની રોયલ્ટીની એડવાન્સ રકમ સહિત) વસુલવા એજન્સીને પત્ર વ્યવહાર/નોટીસ પાઠવતા આજની સ્થિતિએ એજન્સી દ્વારા તમામ રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ છે. |

..................................................